# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 15-10-2024 Evening : 7.50 to 8.00
Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, 21મી સદીમાં ભારતની મોબાઇલ અને ટેલિકોમ યાત્રા સમગ્ર વિશ્વ માટે અભ્યાસનો વિષય છે.
2. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી 20 નવેમ્બરે, જ્યારે ઝારખંડ વિધાનસભાની ચૂંટણી 13 અને 20 નવેમ્બર-એમ બે તબકકામાં યોજાશે.
3. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને અલ્જિરિયાની યુનિવર્સિટી દ્વારા પોલિટિકલ સાયન્સમાં માનદ ડોક્ટરેટની ડિગ્રી એનાયત
4. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ત્રણ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સેન્ટર્સ ઓફ એક્સલન્સની જાહેરાત કરી
5. કંપનીઓને ગેરમાર્ગે દોરતા પર્યાવરણીય દાવાઓ કરતી અટકાવવા સરકારે માર્ગદર્શિકા બહાર પાડી
6. ડેનમાર્ક ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટના પુરુષ સિંગલ્સ મુકાબલામાં, ,ભારતીય ખેલાડી લક્ષ્ય સેન ચીનના લુ ગુઆંગ ઝુ સામે પરાજિત

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**PM - ITU WTSA IMC**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, 21મી સદીમાં ભારતની મોબાઇલ અને ટેલિકોમ યાત્રા સમગ્ર વિશ્વ માટે અભ્યાસનો વિષય છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, વિશ્વભરમાં મોબાઇલ અને ટેલિકોમને સુવિધા તરીકે જોવામાં આવે છે, પણ ભારતમાં ટેલિકોમ માત્ર સંપર્કનું માધ્યમ જ નહીં, પણ સમાનતા અને તકનું માધ્યમ છે.

નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે વર્લ્ડ ટેલિકમ્યુનિકેશન સ્ટાન્ડર્ડાઇઝેશન એસેમ્બલી-WTSA નું ઉદઘાટન કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, WTSA નો હેતુ વૈશ્વિક ધોરણોની દિશામાં કામ કરવાનો છે, જ્યારે આ સેવામાં ધ ઇન્ડિયા મોબાઇલ કોંગ્રેસ મહત્વની ભૂમિકા ભજવે છે. પ્રધાનમંત્રીએ ભારતમાં ઇન્ટરનેટ ટેકનોલોજી અને મોબાઇલના પ્રસાર અંગે વધુમાં આ મુજબ જણાવ્યું.

(બાઇટ-પ્રધાનમંત્રી)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કૃત્રિમ બુદ્ધિમત્તાનાં નૈતિક ઉપયોગની હાકલ કરીને તમામ ચર્ચામાં સલામતી, સન્માન અને સમાનતા કેન્દ્રમાં હોવા જોઇએ. પ્રધાનમંત્રીએ ડિજિટલ ટેકનોલોજી માટે વૈશ્વિક માળખાની સ્થાપનાનાં મહત્વનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, જી-20નાં પ્રમુખપદ દરમિયાન ભારતે આ મુદ્દો ઉપસ્થિત કર્યો હતો અને વૈશ્વિક સંસ્થાઓને વૈશ્વિક વ્યવસ્થાપન માટે તેનાં મહત્વને સમજવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય દૂરસંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું કે, ભારત 6G ટેકનોલોજીનાં વિકાસમાં વિશ્વનું નેતૃત્વ કરવા તૈયાર છે.

## PM- LOTHAL MARITIME HERITAGE COMPLEX

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ગુજરાતમાં લોથલ ખાતે નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પલેક્સની સ્થાપનાથી સંસ્કૃતિ અને પ્રવાસનના ક્ષેત્રમાં નવી તકો ઊભી થશે. સોશિયલ મિડીયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું છે કે, કેન્દ્રીય મંત્રીમંડળે લોથલમાં નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પલેક્સ વિક્સાવવાનો રસપ્રદ

નિર્ણય લીધો છે. તેમણે ઉમેર્યું કે, ભારતે સંસ્કૃતિ અને પર્યટન ક્ષેત્રમાં વધુ ભાગીદારોને આમંત્રિત કર્યા છે. શ્રી મોદીએ પ્રવાસન ક્ષેત્રનાં વ્યાવસાયિકોને પ્રવાસન ક્ષેત્રમાં નવી તકો ચકાસવા અને તેમનાં વિચારો રજૂ કરવા અનુરોધ કર્યો છે.

## PM ABHIDHAMMA DIVAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં 17 નવેમ્બરે આયોજિત અભિધમ્મ દિવસ અને શાસ્ત્રીય ભાષા તરીકે પાલીને માન્યતાની ઉજવણી પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં હાજરી આપશે. ઇન્ટરનેશનલ બુધ્ધિસ્ટ કોન્ફેડરેશન અને સાંસ્કૃતિક મંત્રાલયનાં સહયોગથી આંતરરાષ્ટ્રીય અભિધમ્મ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રી અભિધમ્મ દિવસ અને પાલી ભાષાનું મહત્વ તથા બુધ્ધ ધમ્મનાં ભવ્ય વારસાનું જતન કરવાનાં સરકારનાં પ્રયત્નો અંગે પોતાનાં વિચારો રજૂ કરશે.

આ પ્રસંગે સાંસ્કૃતિક અને પર્યટન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત અને સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ પણ ઉપસ્થિત રહેશે.

## ASSEMBLY ELECTION

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી 20 નવેમ્બરે એક તબક્કામાં, જ્યારે ઝારખંડ વિધાનસભા ચૂંટણી 13 અને 20 નવેમ્બર-એમ બે તબકક્માં યોજાશે. બંને રાજ્યોમાં 23 નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે. આજે નવી દિલ્હીમાં ચૂંટણી તારીખોની જાહેરાત કરતા મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું કે, મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટેનું જાહેરનામું 22 ઓક્ટોબરે બહાર પડશે અને ઉમેદવારો 29મી સુધીમાં ઉમેદવારી કરી શકે છે. રાજ્યમાં 9.63 કરોડ મતદારો માટે એક લાખથી વધુ મતદાન મથકો સ્થાપવામાં આવશે.

ઝારખંડમાં પ્રથમ તબક્કા માટેનું જાહેરનામું 18 ઓક્ટોબરે જાહેર થશે અને ઉમેદવારો 25 ઓક્ટોબર સુધી ઉમેદવારી કરી શકે છે. મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું કે, ઝારખંડમાં 2 કરોડ 26 લાખ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. ચૂંટણી

સમયપત્રકની જાહેરાત સાથે બંને રાજ્યોમાં આદર્શ આચારસંહિતા અમલી બની ગઈ છે. પંચે કેટલીક વિધાનસભા અને લોકસભા બેઠકો માટેની પેટાચૂંટણીની તારીખો પણ જાહેર કરી છે. 13 નવેમ્બરે ગુજરાતની વાવ સહિત દેશની 47 વિધાનસભા બેઠકો અને વાયનાડ લોકસભા બેઠક માટે મતદાન યોજાશે. મહારાષ્ટ્રની નાંદેડ લોકસભા બેઠકની ચૂંટણી 20 નવેમ્બરે યોજાશે.

ઇવીએમની ચોકસાઇ અંગે મુખ્ય ચૂંટણી કમિશ્નરે આ મુજબ જણાવ્યું.

(બાઇટ-રાજીવ કુમાર, મુખ્ય ચૂંટણી કમિશ્નર)

દરમિયાન, આવતી કાલે શ્રીનગરનાં શેર-એ-કાશ્મીર ઇન્ટરનેશનલ કોન્ફરન્સ સેન્ટર ખાતે ઓમર અબદુલ્લા જમ્મુ કાશ્મીરનાં મુખ્યમંત્રી પદનાં શપથ લેશે.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## President Africa Visit Algeria

ત્રણ દેશોનાં પ્રવાસનાં ભાગ રૂપે અલ્જિરિયાની મુલાકાતે ગયેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને આજે સિદી અબદેલ્લાહ સાયન્સ એન્ડ ટેકનોલોજી પોલે યુનિવર્સિટી દ્વારા પોલિટિકલ સાયન્સમાં માનદ ડોક્ટરેટની ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.

યુનિવર્સિટી ખાતે એક કાર્યક્રમને સંબોધતાં રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, ડોક્ટરેટની ડિગ્રી એનાયત થવી એ સદા કાળથી શાંત અને સમૃધ્ધ વિશ્વની કામના કરનારા મારા દેશ માટે સન્માનની વાત છે. તેમણે જણાવ્યું કે, શિક્ષણ અસમાનતાને

દૂર કરે છે અને તમામને સમાન તકોને પ્રોત્સાહન આપે છે. રાષ્ટ્રપતિએ સી વોટર ડિસેલિનેશન પ્રોજેક્ટ સાઇટની મુલાકાત પણ લીધી હતી.

પ્રવાસનાં બીજા તબક્કામાં રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ આવતી કાલે મોરિટાનિયા માટે રવાના થશે. અંતિમ તબક્કામાં તેઓ 17થી 19 ઓક્ટોબર સુધી મલાવીનો પ્રવાસ કરશે. આ દેશોનાં પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપતિ દ્વિપક્ષીય બેઠકો કરશે અને વેપાર ઉદ્યોગ જગતનાં ટોચનાં નેતાઓ અને ભારતીય મુળનાં નિવાસીઓ સાથે વાતચીત કરશે. રાષ્ટ્રપતિનાં પ્રવાસનો હેતુ આફ્રિકાનાં દેશો સાથે ભારતનાં સંબંધોને વધુ મજબૂત કરવાનો છે.

## AI -CENTRE OF EXCELLENCE

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે નવી દિલ્હી ખાતે ત્રણ નવા આર્ટિફિશિયલ ઇન્ટેલિજેન્સ સેન્ટર્સ ઑફ એક્સેલેન્સ (AI-COE)ની જાહેરાત કરી છે. આ કેન્દ્રો આરોગ્ય, કૃષિ અને ટકાઉ શહેરો પર ધ્યાન કેન્દ્રીત કરશે. આ પ્રસંગે સંબોધન કરતા શિક્ષણમંત્રીએ જણાવ્યું કે, આ કેન્દ્રો સંશોધન, નવીનીકરણ અને અર્થતંત્ર તેમજ સામાજિક કલ્યાણ ક્ષેત્રે મહત્વનો ભાગ ભજવશે. શૈક્ષણિક સંસ્થાનો, ઉદ્યોગ સાહસિક તેમજ ઉદ્યોગ સંસ્થાનો દ્વારા તેમનું નેતૃત્વ અને સંચાલન થશે. જેમાં આંતરશાખાકીય સંશોધન, અત્યાધુનિક એપ્લિકેશન વિકાસ તેમજ વ્યાપક ઉકેલો અંગે કામ થશે. દિલ્હીની એઇમ્સ હૉસ્પિટલ, IIT રોપડ અને IIT કાનપુર ખાતે આ ત્રણ કેન્દ્રો વિકસાવશે.

## JAISHANKAR SCO

વિદેશ મંત્રી ડૉ એસ જયશંકર SCO કાઉન્સિલ ઓફ હેડ ઓફ ગવર્મેન્ટની 23મી બેઠકમાં ભાગ લેવા માટે આજે પાકિસ્તાનની બે દિવસની મુલાકાતે ઈસ્લામાબાદ પહોંચ્યા હતા. આવતીકાલે પાકિસ્તાનની અધ્યક્ષતામાં SCOની બેઠક યોજાશે. SCO CHG બેઠક વાર્ષિક ધોરણે યોજવામાં આવે છે અને તે સંગઠનના

વેપાર અને આર્થિક કાર્યસૂચિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ બેઠકમાં ડો. જયશંકર ભારતનું પ્રતિનિધિત્વ કરશે. SCO માળખામાં વિવિધ પહેલો સહિત SCO ફોર્મેટમાં ભારત સક્રિયપણે સંકળાયેલું છે.

વિદેશ મંત્રીએ અગાઉ ટિપ્પણી કરી હતી કે, તેમની પાકિસ્તાન મુલાકાત બહુપક્ષીય કાર્યક્રમ માટે છે. તેમણે દ્વિપક્ષીય વાટાઘાટોને નકારી કાઢી હતી.ઉલ્લેખનીય છે કે, છેલ્લાં નવ વર્ષમાં કોઈ ભારતીય વિદેશ મંત્રીની પાકિસ્તાન સાથેની આ પ્રથમ ઉચ્ચ સ્તરીય મુલાકાત છે.

## GOVT – GREENWASHING

કંપનીઓને ગેરમાર્ગે દોરતા પર્યાવરણીય દાવાઓ કરતી અટકાવવા માટે સરકારે આજે ગ્રીનવોશિંગ અંગેની માર્ગદર્શિકા જારી કરી હતી. ગ્રીનવોશિંગ એ છેતરપિંડી કે ગેરમાર્ગે દોરતી પ્રણાલિ છે જેમાં સંબંધિત માહિતી છુપાવવામાં આવે છે, અને પર્યાવરણ અંગે ખોટાં કે પુરાવા વગરનાં દાવા કરવામાં આવે છે.

માર્ગદર્શિકાનાં મહત્વનાં પાસાઓ અંગે ગ્રાહક બાબતોનાં વિભાગના સચિવ નિધી ખરેએ જણાવ્યું કે, આ માર્ગદર્શિકાનો હેતુ ગ્રાહક અધિકારોનાં હિતોનું રક્ષણ કરવાનો છે. તેમણે જણાવ્યું કે, આ માર્ગદર્શિકામાં કંપનીઓ, ઉત્પાદકો, વેપારીઓ અને એડવર્ટાઇઝિંગ એજન્સીઓ તમામ માહિતી સાચી આપે તેનાં પર ભાર મૂકવામાં આવ્યો છે.

## EVE DENMARK OPEN BADMINTON

ડેનમાર્ક ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટ 2024 ના પુરુષોના સિંગલ્સ મુકાબલામાં, ભારતીય ખેલાડી લક્ષ્ય સેન ચીનના લુ ગુઆંગ ઝુ સામે 21-12, 19-21થી 32 રાઉન્ડની મેચમાં પરાજિત થયા છે

મહિલાઓની ડબલ્સમાં, પાંડા બહેનો, રૂતપર્ણા અને સ્વેતાપર્ણાએ, ચાઈનીઝ તાઈપેઈની જોડી ચાંગ ચિંગ હુઈ અને યાંગ ચિંગ તુન સામે 32 રાઉન્ડની મેચમાં 18-21થી હારનો સામનો કરવો પડ્યો હતો

મહિલા સિંગલ્સમાં, બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુ, આજે ઓડેન્સના એરેના ફિન ખાતે, પ્રારંભિક રાઉન્ડમાં ચાઈનીઝ તાઈપેઈની પાઈ યુ પો સામે રમશે .

મિક્સ ડબલ્સમાં સતીશ કુમાર કરુણાકરન અને આદ્યા વરિયાથ આજે ઇન્ડોનેશિયાની રેહાન નૌફલ કુશરજંતો અને લિસા આયુ કુસુમાવતીની જોડી સામે ટકરાશે.

## MURUGAN iGOT

માહિતી અને પ્રસારણ મંત્રી ડોક્ટર એલ મુરુગને મંત્રાલયનાં તમામ કર્મચારીઓ માટે ઓનલાઇન લર્નિંગ સરળ બનાવવા iGOT લેબ સ્થાપવા મંત્રાલયને નિર્દેશ આપ્યો છે. મંત્રાલયનાં વાર્ષિક ક્ષમતા નિર્માણ કેલેન્ડર અને iGOT પોર્ટલ પર કર્મચારીઓની નોંધણીની સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષાને પગલે ઉપરોક્ત પહેલ શરૂ કરવામાં આવી છે.

ડોક્ટર મુરુગને 19મી ઓક્ટોબર સુધીમાં મંત્રાલયનાં તમામ કર્મચારીઓને iGOT પોર્ટલ પર નોંધણી કરાવવા નિર્દેશ આપ્યો હતો. મંત્રાલયે કર્મચારીઓની વ્યાવસાયિક કુશળતા વધારવા બજેટ મેનેજમેન્ટ, ટીમ બિલ્ડીંગ સહિતનાં 16 અભ્યાસક્રમોની પસંદગીની ભલામણ કરી છે.